**આંક–૮**

**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એ.એન.તલસાણીયા સમક્ષ.**

રીકવરી સર્ટી.અરજી નં.૪/૨૦૧૮
ઈન
(રીકવરી અરજી નં.૩૨/૨૦૧૫)

શ્રી ચૌધરી દશરથભાઈ ગણેશભાઈ,

મુ.પો.ધીણોજ, તા.ચાણસ્મા, જી.પાટણ. અરજદાર

**વિરૂધ્ધ**

તલાટીશ્રી, ધીણોજ ગ્રામ પંચાયત,

મુ.પો.ધીણોજ, તા.ચાણસ્મા, જી.પાટણ. સામાવાળા

**વિષયઃ– ઓદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૧) હેઠળ અરજી**

<u>પ્રતિનિધિત્વ</u> :–

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | – | શ્રી આર.કે.ચૌધરી, યુનિયન પ્રતિનિધિ. |
| સામાવાળા તરફે | – | ગેરહાજર. |

**// ચુ કા દો //**

(૧) આ કામના અરજદારે સદરહુ અરજી ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૩૩–સી–૧ હેઠળ દાખલ કરી રીકવરી અરજી નં.૩૨/૧૫ માં થયેલ હુકમ મુજબની રકમ રૂ.૭૨,૦૯૧/– તથા અરજી ખર્ચના રૂ.૪૦૦૦/– એમ કુલ્લે મળી રૂ.૭૬,૦૯૧/– (અંકે રૂપિયા છોત્તેર હજાર એકાણું પુરા) આ કામના સામાવાળા પાસેથી વસુલ મેળવવા કલેકટરશ્રી પાટણ ઉપર વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે તેવી દાદ માંગેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે અરજદાર સામાવાળા સંસ્થામાં ફરજ બજાવતાં હતાં અને તેઓને ધારાધોરણ મુજબ પગાર આપતા ન હતા. અરજદારે બાકી પગારની માંગણી કરેલ પરંતુ સંસ્થાએ આજ સુધી કોઈ રકમ ચુકવેલ નથી. અરજદારે બાકી પગાર લેવા માટે અત્રેની

અદાલતમાં રીકવરી અરજી નં. ૩૨/૧૫ દાખલ કરેલ જે ચાલી જતાં આંક–૧૩ થી તા.૩૦/૬/૧૬ ના રોજ હુકમ થતાં તફાવતની રકમ રૂ.૭૨,૦૯૧/– તથા અરજી ખર્ચના રૂ.૪૦૦૦/– ચુકવવા સામાવાળાને હુકમ કરેલ છે. અરજદારે રકમ મેળવવા સામાવાળાને નોટીસ મોકલેલ તેમછતાં સામાવાળાએ તેનો કઈ જવાબ આપેલ નથી. તેથી આ કામના સામાવાળા અરજદારને સત્વરે ચુકવી આપે તેવો હુકમ કરવા મે.કલેકટરશ્રી, પાટણના નામનું વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે તેવી દાદ માંગેલ છે.

સદર કામની સુનાવણી દરમ્યાન અરજદારે આંક–૩ ના લીસ્ટથી ધિણોજ ગ્રામ પંચાયતને આપેલ નોટીસ તથા નામ.મજુર અદાલતના હુકમની નકલો રજુ કરેલ છે.

(૨) સદર અરજી દાખલ થતાં આ કામના સામાવાળાઓને આંક–૪ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ છે જે તેઓને બજી જતા સામાવાળાએ હાજર થઈ આંક–૫ ની અરજી અન્વયે મુદ્દાની માંગણી કરેલ. પછીની મુદતમાં અરજદારની અરજી વિરૂદ્ધ તેઓ તરફથી જવાબ રજુ ન થતાં આંક–૬ ની અરજી અન્વયે સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. આંક–૭ થી અરજદારે પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારના વિ.પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે સામાવાળા તરફે હાજર ન હોઈ તેમના તરફે કોઈ રજુઆત ન થતાં કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

(૩) સમગ્ર કેસનું રેકર્ડ તેમજ અરજદારના વિ.પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો ધ્યાને લેતા અરજદારની અરજી મંજુર થવા પાત્ર છે કે કેમ તે બાબતે જોઈએ તો, અરજદારે હાલની અરજી મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ ના કામમાં થયેલ આખરી હુકમના અનુસંધાને રકમની વસુલાત માટે રીકવરી સર્ટીફીકેટ કઢાવવા સારૂ દાખલ કરેલ છે. મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ નું રેકર્ડ ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ અગાઉના રેફરન્સ નં.૫૯/૧૨ ના કામે થયેલ આખરી હુકમ/એવોર્ડના અનુસંધાને કરવામાં આવેલ હતી. મુળરીકવરી અરજી નં.૩૨/૧૫ ના કામમાં આંક–૧૩ થી તા.૩૦/૬/૧૬ ના રોજ આખરી હુકમ થયેલ છે જે આ મુજબ છે.

"હુકમ

(૧) હાલના અરજદારને સામાવાળા પાસેથી રેફરન્સ નં.૫૯/૧૨ માં થયેલ હુકમ મુજબ રૂ.૭૨,૦૯૧/– (અંકે રૂપિયા બોત્તેર હજાર એકાણું પુરા) બાકી લેણાં નીકળે છે તેમ ઠરાવવામાં આવે છે.

(૨) હાલના સામાવાળાએ અરજદારને આ અરજી ખર્ચના રૂ.૪૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા) ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના સામાવાળાએ આ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં ઉપરોકત બાકી લેણાં તથા ખર્ચના નાણાં હાલના અરજદારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો."

આ હુકમ થયા પછી હુકમ મુજબની રકમ વસુલ મેળવવા અરજદારે સામાવાળા સંસ્થાને નિ.૩/૧ થી નોટીસ મોકલવા છતાં સામાવાળાએ તેનો કોઈ જવાબ આપેલ નહી. અરજદારની આંક–૧ ની અરજી અન્વયે અત્રેની અદાલત દ્વારા સામાવાળાને સુનાવણીની નોટીસ મોકલેલ જે નોટીસ તેઓને મળી ગયેલ હોવા છતાં સામાવાળા તરફથી અરજદારની અરજી વિરૂદ્ધ કોઈ જવાબ/ બચાવ રજુ કરવામાં આવેલ નથી.

મુળ રેફરન્સ કેસ નં.૫૯/૧૨ ના કામમાં થયેલ આખરી હુકમ/એવોર્ડ વિરૂદ્ધ કે ત્યારપછી મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ ના આખરી હુકમ વિરૂદ્ધ આ કામના સામાવાળાએ નામ.ઉપલી અદાલતમાં અપીલ કરી હોય અથવા પરચુરણ અરજી કરવામાં આવી હોય તેવો પુરાવો આ કામે રેકર્ડ પર આવેલ નથી. આથી મુળ રેફરન્સ કેસ નં.૫૯/૧૨ તથા રીકવરી અરજી નં.૩૨/૧૫ ના કામમાં થયેલ હુકમો અમલમાં રહે છે.

ઉપર ચર્ચા કરી તેમ અરજદારને આ રકમ સામાવાળા તરફથી ચુકવવામાં આવી નથી તેવી અરજદારની રજુઆત છે. મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ ના કામે તા.૩૦/૬/૧૬ ના રોજ આખરી હુકમ પસાર થયા બાદ હુકમ અનુસારની રકમ અરજદારને સંસ્થાએ ચુકવી આપી હોય તેવો પુરાવો પણ આ કામમાં રેકર્ડ પર આવેલ નથી. અરજદારે તેમની આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક–૭ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે જેમાં પણ અરજદારે તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલી હકીકતોને અનુમોદન આપેલ છે. આ સંજોગોમાં મુળ રીકવરી અરજી નં.૩૨/૧૫ ના કામમાં થયેલ આખરી હુકમ મુજબની રકમની વસુલાત અર્થે જીલ્લા કલેકટરશ્રી ઉપર વસુલાત પ્રમાણપત્ર (રીકવરી સર્ટીફીકેટ) કાઢવું ન્યાયોચિત જણાય છે.

ઉપરોકત હકીકત અને સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા સંસ્થાએ અરજદારની લેણી નીકળતી રકમ રૂ.૭૬,૦૯૧/– (અંકે રૂપિયા છોત્તેર હજાર એકાણું પુરા) અરજી કર્યા તા.૧૯/૭/૧૮ થી આ રકમ ચુકવવામાં આવે ત્યાં સુધીના ૬ ટકા લેખે વાર્ષિક સાદુ વ્યાજ સહીતની રકમ તેમજ

ખર્ચના રૂ.૧,૫૦૦/- વસુલાત અર્થે જીલ્લા કલેકટરશ્રી, પાટણ ઉપર વસુલાત પ્રમાણપત્ર (રીકવરી સર્ટીફીકેટ) ઈસ્યુ કરવું તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મહેસાણા.

તા. ૧૩/૨/૨૦૧૯

(અજયકુમાર નટવરલાલ તલસાણીયા)

GJ00790

પ્રમુખ અધિકારી

શ્રમ અદાલત, મહેસાણા.